BRAMPTON

**Media Release**

ત્વરિત જાહેરાત માટે

# COVID-19 દરમિયાન સ્થાનિક રેસ્ટોરન્ટોને મદદરૂપ થવા માટે સિટી શરૂ કરે છે પૅશિયો બ્રૅમ્પટન પ્રોગ્રામ

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (24 જૂન 2020) – આજથી, ઓન્ટારિયો સરકાર, રિજન ઓફ પીલની પુનઃપ્રારંભના તબક્કા 2માં પ્રવેશની મંજૂરી આપશે, જેમાં બ્રૅમ્પટન ખાતે બહારના વિસ્તારમાં જમવા માટે રેસ્ટોરન્ટો અને બારને ખોલવાની મંજૂરી આપશે. આ પરિવર્તનના ટેકામાં સીટી ઓફ બ્રૅમ્પટન દ્વારા પૅશિયો બ્રૅમ્પટન પ્રોગ્રામની શરૂઆત કરવામાં આવી છે. આ પ્રોગ્રામ રેસ્ટોરન્ટો અને બાર માટે પોતાના પૅશિયોના વિસ્તરણ સરળ બનાવશે અને બહાર ભૌતિક અંતર જાળવી શકાશે. પૅશિયો બ્રૅમ્પટન પ્રોગ્રામ મારફતે વધુ રહેવાસીઓ બહાર ઉનાળાની ઋતુ માણવા માટે બહાર નીકળી શકશે અને સ્થાનિક વ્યવસાયોને મદદરૂપ થઈ શકશે.

સ્થાનિક વ્યવસાયોની બ્રૅમ્પટનનાં અર્થતંત્રમાં મહત્ત્વની ભૂમિકા છે અને સિટી તેમને COVID-19 ના રોગચાળાની અસરોમાંથી ફરી બેઠા કરવામાં મદદ કરવા પ્રતિબદ્ધ છે. પૅશિયો બ્રૅમ્પટન પ્રોગ્રામ અરજી અને પરમીટો જારી કરવાની પ્રક્રિયામાં ઝડપ વધારશે અને ફુટપાથ, પાર્કિંગની જગ્યા અને કર્બ લેન પૅશિયોની ફી 01 જાન્યુઆરી 2021 સુધી માફ કરવાની મંજૂરી આપશે.

બહારની જગ્યા વિસ્તારવા માટે બે વિકલ્પો મળશે:

- **ખાનગી મિલકતમાં પૅશિયોના હંગામી વિસ્તરણ** – આ વિકલ્પ હાલના રેસ્ટોરન્ટો અને બારના પૅશિયોને નવા હંગામી પૅશિયો અને હંગામી વિસ્તરણો ખાનગી મિલકતોમાં કરવા દેશે જેમાં પાર્કિંગ લૉટ્સનો સમાવેશ થાય છે.
- **સુધરાઈની મિલકતો અથવા પબ્લિક રાઈટ ઓફ વેની અંદર હંગામી પૅશિયો વિસ્તરણો** – આ વિકલ્પ સુધરાઈ (મ્યુનિસિપલ) મિલકતો પર પૅશિયો બનાવવા કે તેનું વિસ્તરણ કરવાની મંજૂરી આપશે જેમાં સામેલ છે પબ્લિક રાઈટ્સ ઓફ વે (ફુટપાથ).

હંગામી પૅશિયોની પરવાનગી ફક્ત પ્રસ્થાપિત રેસ્ટોરન્ટો અને બાર તેમજ અન્ય ખાદ્ય પેય સંસ્થાઓને મળશે. વ્યવસાયો પાસે તે ચલાવવાનું પ્રમાણભૂત વ્યવસાય લાયસન્સ/રજિસ્ટ્રેશન હોવું આવશ્યક છે. પહોંચી શકાય એવી પાર્કિંગની જગ્યાઓ પાર્કિંગના ઉપયોગ અને પહોંચ માટે ઉપલબ્ધ રાખવાની રહેશે, અને હંગામી પૅશિયો વિસ્તરણો નિયુક્ત કરવામાં આવેલ અગ્નિશમન માર્ગ અથવા દ્રષ્ટિ-ત્રિકોણમાં પડવા જોઈએ નહીં. રેસ્ટોરન્ટો અને બારના ગ્રાહકોની સેવામાં વાજબી માત્રામાં માનક પાર્કિંગ જગ્યા જાળવવાની રહેશે.

હંગામી પૅશિયો વિસ્તરણની અરજી સિટીની વેબસાઈટ પરથી મળશે અને તે ઓનલાઈન સિટી ક્લર્ક ઓફિસમાં રજૂ કરી શકાશે. રેસ્ટોરન્ટ માલિકો માટે અરજી સમીક્ષાની પ્રક્રિયા અને સમયસીમાઓ વ્યવસ્થિત રીતે નક્કી કરાશે જેમાં સાથે ચાલુ રહેલ COVID-19 ના રોગચાળા દરમિયાન કર્મચારીઓના આરોગ્ય અને સલામતીનું ધ્યાન રાખવામાં આવશે.

પરમીટ મેળવવા માટેની વધુ જાણકારી માટે અહીં મુલાકાત લો પૅશિયો બ્રૅમ્પટન પૃષ્ઠ.

સિટી ઓફ બ્રૅમ્પટન COVID-19 થી સમાજ સામૂહિક રીતે પુન: સાજો થાય તેમજ સ્ટાફ અને રહેવાસીઓના આરોગ્ય અને સલામતી માટે પ્રતિબદ્ધ છે પૅશિયો બ્રૅમ્પટન સુનિશ્ચિત કરશે કે વ્યવસાયો સુરક્ષિત રીતે કામ કરતા રહે અને સાથે જ ભૌતિક અંતર જાળવવાના તેમજ ઓન્ટારિયો સરકાર દ્વારા જારી કરાયેલ અન્ય જાહેર આરોગ્ય માર્ગદર્શિકા અંગેના નિયમોનો આદર કરવામાં આવે છે.

**ઈકોનોમિક રિકવરી સ્ટ્રેટજી**

બ્રૅમ્પટનનાં અર્થતંત્રમાં સ્થાનિક વ્યવસાયોની નિર્ણાયક ભૂમિકા છે. ગત માસમાં બ્રૅમ્પટન સીટી કાઉન્સિલે બ્રૅમ્પટનના અર્થતંત્રને ફરી બેઠું કરવાના વ્યુહ (Economic Recovery Strategy) ને મંજૂરી આપી હતી જેમાં નાના વ્યવસાયો, રેસ્ટોરન્ટો અને પ્રવાસનને મદદરૂપ થતા પગલાંનો સમાવેશ થાય છે. એના ભાગરૂપે સિટીએ તેમનું "સપોર્ટ લોકલ" અભિયાન શરૂ કર્યું છે જેમાં રહેવાસીઓને COVID-19 તેમજ ત્યાર બાદ પણ લોકલ વસ્તુઓ શોધવા, પસંદ કરવા અને ખરીદવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે.

COVID-19ને પ્રતિસાદ આપતા સમાજને સપોર્ટ કરવાના સિટીના પ્રયાસો તેમજ ઉપરોક્ત નિર્ણયો વિશે વધુ માહિતી માટે, મુલાકાત લો www.brampton.ca/COVID19 ની અથવા @CityBrampton ને Twitter, Facebook અને Instagram પર ફોલો કરો.

**અવતરણો**

“આપણી રેસ્ટોરન્ટો જ્યારે પોતાના પૅશિયો ઊભા કરી રહ્યા છે અને આપણે તબક્કા 2માં પ્રવેશી રહ્યા છીએ ત્યારે અમારે સુનિશ્ચિત કરવું છે કે અમે તેમને પીલ પબ્લિક હેલ્થ અને પ્રોવિન્સની માર્ગદશિકા અનુસાર ભૌતિક અંતરો જાળવવાના દિશાસૂચનોનું પાલન કરીને પોતાની સેવાની સંભાવનાઓ મહત્તમ કરવા માટે પોતાની જગ્યાઓ ઝડપથી વિસ્તારવામાં મદદરૂપ થઈએ. ચાલો આપણે આ ઉનાળે બ્રૅમ્પટનમાં આપણી સ્થાનિક રેસ્ટોરન્ટોને મદદરૂપ થવા અનેક જોરદાર પૅશિયોનો પુરેપુરો લાભ ઉઠાવીએ."

- *પૅટ્રિક બ્રાઉન, મેયર, સીટી ઓફ બ્રૅમ્પટન*

"આપણા વૈવિધ્યથી છલકાતા શહેરમાં ભાતભાતની રેસ્ટોરન્ટો છે. આપણે ફરી બેઠા થઈ રહ્યા છીએ ત્યારે હવે તો આપણે સપોર્ટ લોકલને ટેકો આપીએ, તે ક્યારેય ન હતું એટલું અગત્યનું છે. પૅશિયો બ્રૅમ્પટન પ્રોગ્રામથી આપણી સ્થાનિક રેસ્ટોરન્ટો આપણને ઉનાળાના હવામાનને માણવા પોતાના પૅશિઓમાં વધુ જગ્યા આપી શકશે જ્યારે આપણે નવા નવા વ્યંજનો અજમાવીશું અને આપણા સ્થાનિક વ્યવસાયોને ટેકો આપીશું."

- *પૉલ વિસેન્ટ, પ્રાદેશિક પરિષદ સભ્ય (રીજનલ કાઉન્સિલર)વૉર્ડ 1 અને 5, સહ પ્રમુખ, ઈકોનોમિક સપોર્ટ ટાસ્ક ફોર્સ; સીટી ઓફ બ્રૅમ્પટન*

"હું આપણી સ્થાનિક રેસ્ટોરન્ટોને પૅશિયો બ્રૅમ્પટન પ્રોગ્રામ મારફત વિસ્તરિત પૅશિયો માટે અરજી કરવા પ્રોત્સાહિત કરવા માંગું છું. અમે આ પ્રક્રિયાને બને એટલી સરળ અને સુગમ બનાવવા પ્રતિબદ્ધ છીએ જેથી વ્યવસાયો ઝડપથી આપણા સમાજને સલામત અને વિસ્તરિત સેવાઓ પ્રદાન કરી શકે."

- *માઈકલ પલેશી, પ્રાદેશિક પરિષદ સભ્ય (રીજનલ કાઉન્સિલર) વૉર્ડ 2 અને 6, સહ પ્રમુખ, ઈકોનોમિક સપોર્ટ ટાસ્ક ફોર્સ; સીટી ઓફ બ્રૅમ્પટન*

"અમારું રિઓપનિંગ એન્ડ રિકવરી વર્કિંગ ગ્રૂપ તે સુનિશ્ચિત કરવા કાર્ય કરી રહ્યું છે કે અમે પુનઃપ્રારંભના પ્રત્યેક તબક્કે આપણા અર્થતંત્ર અને જાહેર આરોગ્ય વચ્ચે સમતુલા જાળવવાની અગ્રીમતા સાથે તૈયાર રહી શકીએ. આપના શહેરના પૅશિયો ફરી ખોલવા તે આપણે ફરી સાજા થવાની પ્રક્રિયામાં અગત્યનું પાસું છે અને અમારે તે શક્ય હોય એટલું સુગમ અને સાંધરહિત બનાવવું છે."

- *માર્ટિન મેડિરોસ (Martin Medeiros), રિજનલ કાઉન્સિલર, વૉર્ડ 3 & 4 પ્રમુખ, રિઓપનિંગ એન્ડ રિકવરી વર્કિંગ ગ્રૂપ, સિટી ઓફ બ્રૅમ્પટન*

"સ્થાનિક વ્યવસાયો જ્યારે COVID-19 રોગચાળાની ચાલુ રહેલ અસરોમાંથી ઊભા થઈ રહ્યા છે ત્યારે કાઉન્સિલ અને કર્મચારીઓ સ્ટાફ અને રહેવાસીઓના આરોગ્ય અને સલામતીને રક્ષણ આપીને તેમને મદદ કરવા પ્રતિબદ્ધ છે. પૅશિયો બ્રૅમ્પટન પ્રોગ્રામ હેઠળ પરમીટો અને અરજીઓ પર પ્રક્રિયા કરવા સ્ટાફ ખંતપૂર્વક કામ કરશે જેથી બાર અને રેસ્ટોરન્ટો આપણા સમુદાયને સુરક્ષિત રીતે ફરી સેવા આપી શકે.

- *ડેવિડ બારિક, ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર (David Barrick, Chief Administrative Officer), સિટી ઓફ બ્રૅમ્પટન*

"આ વર્ષે ઘણી બધી રેસ્ટોરન્ટો માટે ઝડપથી પરવાનગીઓ મેળવવી તાકીદની જરૂરિયાત બની ચુકી છે. સીટી ઓફ બ્રૅમ્પટનને લાખ અભિનંદન કે આખા શહેરમાં તેમણે રેસ્ટોરન્ટના પૅશિયો વિસ્તરણોને મંજૂરીઓ આપવાની પ્રક્રિયામાં ઝડપ વધારી દીધી છે. આ નીતિ સ્થાનિક રેસ્ટોરન્ટોને પોતાના ગ્રાહકોને રોગચાળાને કારણે ટુંકાઈ ગયેલ ઉનાળાની ઋતુ દરમિયાન સુરક્ષિત રીતે સેવા આપવામાં મદદરૂપ થાય છે. આપનો આભાર મેયરશ્રી, કાઉન્સિલ અને સ્ટાફ."

- *ટૉડ લેટ્સ, CEO, બ્રૅમ્પટન બોર્ડ ઓફ ટ્રેડ*

-30-

**મિડિયા સંપર્ક (MEDIA CONTACT):**
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રૅમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca